### પેટલાદ શહેર અને તાલુકામાં ગત 36 કલાક દરમ્યાન 9 ઈંચ જેટલો વરસાદ ખાબક્યો

# પેટલાદ જળમગ્ન, ચોતરફ ગોઠણસમા પાણી ભરાયાં






તસવીર: વિનાયક આણંદજીવાલા

**વરસાદી પાણીનો** નિકાલ ન થતાં જનજીવન ઠપ્પ થયો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧

પેટલાદ શહેરમાં છેલ્લા ૩૬ કલાક દરમ્યાન ભારે વરસાદ થયો છે. જેને કારણે શહેરના તમામ મુખ્ય પ્ર વેશદ્વાર પાણીમાં છે. શહેરની ચારેકોર ચિક્કાર પાણી ભરાયેલ જોવા મળે છે. આજરોજ સવારથી વરસાદનો વિરામ છે. છતાં અનેક વિસ્તારોમાં ભરાયેલા પાણી યથાવત્ જોવા મળે છે. આ વરસા દી માહોલને લીધે જનજીવન ઠપ્પ થઈ ગયેલ છે.

પ્રાપ્ત માહિતી મુજબ પેટલાદ શહેર અને તાલુકામાં ગત ૩૬ કલાક દરમ્યાન ૯ ઈંચ જેટલો વરસાદ થયો છે. જ્યારે સીઝનનો કુલ વરસાદ ૩૨ ઈંચ થતાં સરેરાશ જેટલો થઈ ગયો છે. ગતરોજ સતત ૨૪ કલાક સુધી વરસાદ થવાના કારણે શહેરના મુખ્ય પ્રવેશ દ્વાર કોલેજ ચોકડી થી રણછોડજી મંદિર સુધીના રાજમાર્ગ ઉપર ઢીંચણ સમા પાણી ભરાઈ ગયેલી છે. આ રોડ ઉપર છેક લક્ષ્મીજી મંદિર સુધી પાણી ભરાઈ જવાની ઘટના વીસ વર્ષ બાદ જોવા મળી છે. ઉપરાંત શહેરના સાંઈનાથ ચોકડી ઉપરના ચારે બાજુના રસ્તાઓ પાણીથી છલોછલ જોવા મળે છે. પેટલાદમાં બાવળી જકાત નાકા તરફનો પ્રવેશ માર્ગ પણ પાણીમાં ગરકાવ છે. આ રસ્તા ઉપર છેક ધોબીકુંડ સુધી પાણી ભરાઈ ગયેલ છે.

આ ઉપરાંત સ્વામિનારાયણ રોડ, ખોડીયાર ભાગોળ રોડ જેવા પ્રવેશ રસ્તાઓ ઉપર પણ ઢીંચણ સમા પાણી જોવા મળે છે. આજરોજ સવારથી વરસાદનો વિરામ છે. છતાં મુખ્ય બધા જ પ્રવેશ માર્ગો સહિત પૂર્વ પેટલાદની તમામ સોસાયટીઓ પાણીથી ચિક્કાર થઈ ગયેલ છે. જેને કારણે બજારો અને જનજીવન ઠપ્પ જોવા મળ્યું હતું. આજરોજ રાજ્ય મંત્રી કમલેશ પટેલ, મામલતદાર, ચીફ ઓફીસર કૃણાલ પટેલ, કારોબારી ચેરમેન જય પટેલ સહિતના આગેવાનોએ પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

---

### ઉમરેઠમાં ૨૭૦ લોકોનું સુરક્ષિત ખસેડાયાં




ઉમરેઠ તાલુકાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ૨૭૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ સ્થળાંતરિત નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમના માટે આશ્રય અને જમવાની યોગ્ય વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે સમગ્ર જિલ્લાનું વહીવટી તંત્ર હાલ સતર્ક છે અને કામગીરી પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

---

## સોજીત્રામાં ૯ ઈંચ વરસાદથી બે તળાવો ઓવરફ્લો, જનજીવન અસ્તવ્યસ્ત થયું

**મુખ્ય રાજમાર્ગો અને** રહેણાંક વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાયા



(પ્રતિનિધિ) પેટલાદ તા.૧

સોજીત્રા શહેર અને તાલુકામાં ગત રોજ ખાબકેલા 9 ઈંચ જેટલા અતિભારે વરસાદે સમગ્ર પંથકને જળબંબાકાર કરી દીધો છે. સતત વરસેલા વરસાદને કારણે શહેરના ઐતિહાસિક વંદેવાળ તળાવ અને મોગરાઈ તળાવ ઓવરફ્લો થયા છે, જેના પાણી રસ્તાઓ પર ફરી વળતા ભારે સંકટની સ્થિતિ સર્જાઈ છે.

વરસાદી પાણીના ભરાવાને કારણે નગરના જુના બસ મથક વિસ્તાર, લીંબડી ચોક, અને ચારકુવા ભાગોળ જેવા વિસ્તારો પાણી-પાણી થઈ ગયા હતા. આ ઉપરાંત, નવા એસટી સ્ટેન્ડ જેવા મુખ્ય માર્ગો પણ પાણીમાં ગરકાવ જોવા મળ્યા હતા, જેનાથી વાહનવ્યવહાર અને જનજીવન પર સીધી અસર પડી છે. નગરના છેવાડે આવેલી ઈંદીરા નગરીમાં પણ કેડસમા પાણી ભરાઈ જતાં રહીશો મુશ્કેલીમાં મુકાયા હતા.

આ સ્થિતિની ગંભીરતા જોતા નગરપાલિકા સહિતનું વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે અને ઠેર-ઠેર ભરાયેલા વરસાદી પાણીના નિકાલ માટેની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

---

## કુંજરાવ ને કાસોરના ૮૬ લોકોનું સ્થળાંતર કરાયું

**નીચાણવાળા** વિસ્તારોમાંથી લોકોને ધર્મશાળા અને હાઈસ્કૂલમાં ખસેડાયા



(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારે વરસાદની આગાહીને પગલે વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. સંભવિત કુદરતી આફત સામે નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોના સ્થળાંતરની કામગીરી તેજ કરવામાં આવી છે.

કુંજરાવ ગામના ૫૦ અને કાસોર ગામના ૩૬ મળી કુલ ૮૬ જેટલા નાગરિકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા આ અસરગ્રસ્તોને ગામની ધર્મશાળા અને હાઈસ્કૂલ ખાતે આશ્રય આપી સુરક્ષિત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદની સ્થિતિમાં જાનહાનિ ટાળવા માટે વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આગોતરા સુરક્ષાત્મક પગલાં અને ઝડપી શિફ્ટિંગ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

કુંજરાવ ખાતે તાલુકા હેલ્થ ઓફિસર આણંદ દ્વારા શેલ્ટર હોમની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સ્વચ્છ અને સુરક્ષિત પીવાના પાણી માટે ક્લોરિનેશનની કામગીરી સુનિશ્ચિત કરવામાં આવી હતી.

---

### મહિસાગર જિલ્લામાં અસહ્ય ઉકળાટ બાદ મેઘરાજાની ધમાકેદાર પધરામણી

## બાલાસિનોરમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો

**સૂકાઈ રહેલા પાકને** નવજીવન મળતા ખેડૂતોમાં હરખની હેલી




(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧

મહિસાગર જિલ્લામાં હવામાન વિભાગની અગાઉની આગાહીને પગલે વહીવટી તંત્ર એલર્ટ મોડ પર જોવા મળ્યું હતું. દિવસ દરમિયાન સૂર્યદેવના આકરા તાપ અને અસહ્ય બફારાને કારણે નાગરિકો ભારે ઉકળાટથી ત્રસ્ત થઈ ગયા હતા. જોકે, સાંજના સમયે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને મેઘરાજાએ મન મૂકીને બેટિંગ કરી હતી.

બાલાસિનોર પંથકમાં જળબંબાકારની સ્થિતિ જિલ્લામાં સૌથી વધુ વરસાદ બાલાસિનોર પંથકમાં નોંધાયો છે, જ્યાં દિવસનો કુલ ૧૦૭ મિમી એટલે કે ૪ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. સાંજે ૬ થી ૮ વાગ્યાના માત્ર બે કલાકના ટૂંકા ગાળામાં થયેલા ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. લુણાવાડા શહેરની પણ વિવિધ સોસાયટીઓમાં પાણી ભરાવાના અહેવાલ સાંપડ્યા છે.

લાંબા વિરામ બાદ મેઘરાજાની મહેર થતાં જ સૂકાઈ રહેલા પાકને જાણે સંજીવની મળી હોય તેમ નવજીવન પ્રાપ્ત થયું છે, જેનાથી જિલ્લાના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત, પંથકના તળાવોમાં પણ નવા નીરની આવક થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તંત્ર દ્વારા વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપી અગાઉથી જ શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

**મહિસાગરના તાલુકામાં કેટલો વરસાદ ?**

| તાલુકો | વરસાદ |
|---|---|
| બાલાસિનોર | ૧૦૭ મિમી |
| સંતરામપુર | ૩૮ મિમી |
| ગોધરા | ૨૨ મિમી |
| કડાણા | ૨૧ મિમી |
| કોઠંબા | ૦૭ મિમી |
| લુણાવાડા | ૦૫ મિમી |

---

### કપડવંજ શહેરની ઊંચાઈ પર હોવાથી જળબંબાકારની સ્થિતિ ટળી

## કપડવંજમાં બે દિવસમાં ૮ ઈંચ વરસાદ

**શહેરમાં અધૂરા** રસ્તાના કામોએ મુશ્કેલી વધારી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧

સમગ્ર કપડવંજ પંથકમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ મહેર કરી છે, જેના કારણે પંથકમાં ૮ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. આ સાથે જ ચાલુ મોસમનો કુલ વરસાદ ૨૫ ઈંચ નોંધાયો છે. સારા વરસાદને પગલે પંથકના ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

ભારે વરસાદને કારણે જનજીવન પર અમુક અંશે અસર પડી હતી, તેમ છતાં લોકોની દૈનિક દિનચર્યા સામાન્ય રહી હતી. કપડવંજ શહેર દરિયાઈ સપાટીથી ઊંચાઈ પર આવેલું હોવાથી અમુક ચોક્કસ વિસ્તારોને બાદ કરતાં શહેરમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ નથી, જે નગરજનો માટે રાહત સમાન છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં પણ હજુ વરસાદી માહોલ યથાવત રહેવાનું અનુમાન છે. બીજી તરફ, શહેરમાં હાલ અનેક જગ્યાએ રસ્તા બનાવવાનું કામ અને ખોદકામ ચાલી રહ્યું હોવાથી ત્યાં પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાઈ છે. આ કારણોસર રોડના કામમાં વિલંબ થઈ રહ્યો છે અને અવર-જવર કરતા નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિક લોકો દ્વારા એવી માંગ કરવામાં આવી છે કે તંત્ર દ્વારા બાકી રહેલું કામ વહેલી તકે પૂરું કરવામાં આવે અથવા ચોમાસા પછી જ કામગીરી હાથ ધરવામાં આવે.



તસવીર: હરિશ જોષી

**વરસાદી પાણીનો ત્વરિત નિકાલ કરાયો**

કપડવંજમાં અવિરત વરસાદને કારણે નડિયાદ રોડ સ્થિત ખાડા વિસ્તારમાં પાણી ભરાતા જનજીવન પ્રભાવિત થયું હતું. નગરપાલિકાના કર્મચારીઓએ ડંકી મશીન લગાવીને વરસાદી પાણીનો યુદ્ધના ધોરણે નિકાલ કરવાની કામગીરી હાથ ધરી હતી. વોર્ડ નં-1 ના સદસ્યા અર્પિતાબેન મકવાણાના પતિ જીગ્નેશભાઈ મકવાણાએ સ્થળ પર રહીને આ કામગીરી પૂર્ણ કરાવી હતી. સમયસર પાણીનો નિકાલ થતાં આ વિસ્તારના સ્થાનિક રહીશોમાં રાહતની લાગણી ફેલાઈ હતી.

---

### આણંદમાં અનરાધાર વરસાદમાં સુપ્રસિદ્ધ મંદિરોના પગથિયા સુધી પાણી પહોંચ્યાં

## આણંદમાં વરસાદમાં પ્રિ-મોન્સૂન પ્લાન પણ ધોવાયો

**બાકરોલની સોસાયટી** વિસ્તારના રહિશોને પણ રાતભર ઉજાગરા કરવા પડ્યા



(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ શહેરમાં વરસેલા ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય વિસ્તારો જળબંબાકાર બન્યા છે. ખાસ કરીને સુપ્રસિદ્ધ મંદિરોમાં પાણી ભરાઈ જવાથી ભક્તો માટે ભગવાનના દર્શન દુર્લભ બન્યા છે, જ્યારે મહાનગરપાલિકાની માત્ર કાગળ પર રહેલી કામગીરી સામે સ્થાનિકોમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સોસાયટી વિસ્તારના રહિશોને આખી રાત જાગવાનો વખત આવ્યો હતો. તેમાંય બાકરોલ, પૂર્વ વિસ્તારની સ્થિતિ સ્થળ ત્યાં જળ જેવી થઈ ગઈ હતી.

આણંદ શહેરમાં થયેલા અનરાધાર વરસાદના પરિણામે જનજીવન ખોરવાયું છે. શહેરના પ્રખ્યાત ગુફાવાળા હનુમાનજી, ગાયત્રી મંદિર અને જલારામ મંદિર વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયા છે. નજીકમાં આવેલું ગોયા તળાવ છલકાવાને કારણે છેલ્લા ત્રણ દિવસથી આ મંદિરોના પગથિયાં પાણીમાં ડૂબેલા છે, જેના લીધે ભક્તો માટે દર્શન કરવા અત્યંત મુશ્કેલ બન્યા છે.

આ ઉપરાંત આણંદ શહેરના પૂર્વ વિસ્તારના રહિશોને ઘરમાં જ પુરાઈ રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. તેમાંય વોર્ડ નં.4ની હરિકિર્તન અને ગુરૂકૃપા સોસાયટીમાં ઘરમાં પાણી ઘુસતાં ઘરવખરીને નુકશાન થયું હતું. તેવી જ રીતે બાકરોલના સોસાયટી વિસ્તારની હાલત પણ એવી જ રહી હતી. અણઘણ રીતે બનાવેલા રસ્તા અને સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનની નબળી કામગીરીના પગલે જીસેટ કોલેજ પાછળની સોસાયટી સહિત આસપાસના વિસ્તારમાં ગોઠણસમા પાણી ભરાયાં હતાં. જે ઘરમાં પણ ઘુસી ગયાં હતાં. જેના કારણે રહિશોને આખી રાત જાગવું પડ્યું હતું. આ ઉપરાંત સલાટીયાપુરા વિસ્તારમાં પાણીની લાઈન બહાર નિકળી જતાં પાણી ભરાયાં હતાં. જેના કારણે મનપાની ટીમ દોડતી થઈ હતી.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, મનપાના અનગઢ વહીવટ અને કાગળ પરની પ્રી-મોન્સૂન કામગીરીને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. શહેરના મુખ્ય માર્ગો પર નદીઓ વહેતી થઈ ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. છેલ્લા ત્રણ દિવસથી રાહદારીઓ અને પ્રજાજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે, તેમ છતાં વહીવટી તંત્ર દ્વારા પાણીના નિકાલ માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. તંત્રના 'સલામત' હોવાના પોકળ દાવાઓ વચ્ચે ભક્તો અને સામાન્ય જનતામાં વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.

**આણંદમાં વરસાદ**

| | |
|---|---|
| સોજિત્રા | 22 મિમી |
| ઉમરેઠ | 26 મિમી |
| આણંદ | 13 મિમી |
| પેટલાદ | 04 મિમી |
| ખંભાત | 08 મિમી |
| બોરસદ | 29 મિમી |
| આંકલાવ | 06 મિમી |
| તારાપુર | 00 મિમી |

---

### સિહુંજ તરફથી આવતા પાણીના પ્રવાહથી આખું ગામ જળબંબાકાર

## સુંઢા વણસોલ ગામમાં પાણી ભરાયાં

**ધારાસભ્ય અને** મામલતદારે ટ્રેક્ટરમાં બેસી કરી મુલાકાત



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

મહેમદાવાદ તાલુકાના સુંઢા વણસોલ ગામમાં ભારે વરસાદ અને સિહુંજ તરફથી આવતા વરસાદી પાણીના ધસમસતા પ્રવાહને કારણે ગંભીર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અવિરત વરસાદને પગલે ગામના નીચાણવાળા વિસ્તારોમાં કમર સુધીના પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું છે. પરિસ્થિતિનો તાગ મેળવવા માટે મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ અને મામલતદારે રસ્તાઓ પર પાણી હોવાથી ટ્રેક્ટરમાં બેસીને ગામમાં પ્રવેશી નિરીક્ષણ કર્યું હતું.

ગામની પ્રાથમિક શાળા અને દૂધ મંડળી સહિતના વિસ્તારોમાં પાણી ફરી વળતા મોટી નુકસાનીની ભીતિ સેવાઈ રહી છે. વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના પગલાં રૂપે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી છે. જો વરસાદનું જોર યથાવત રહેશે તો તંત્ર દ્વારા વ્યાપક સ્થળાંતરની તૈયારીઓ પણ પૂર્ણ કરી લેવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રએ તમામ ગ્રામજનોને સાવચેત રહેવા અને કોઈપણ ઈમરજન્સી સમયે બચાવ કામગીરીમાં સહકાર આપવા અપીલ કરી છે.